ગાંધીનગરસમાચાર
તા. ૧૮-૧૧-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

ગાંધીનગર 'ગ્રીન' ખરૂં, 'કલીન' નહીં...

ગુજરાતના નવા પાટનગર માટે 'ગ્રીન' અને 'કલીન' જેવાં વિશેષણો વાપરવાની ફેશન થઈ ગઈ છે. વૃક્ષોની સંખ્યા વિકાસ સાથે ઘટતી જાય છે છતાં એ હજી વેરાન નથી થઈ ગયું. પરંતુ સ્વચ્છતાની દૃષ્ટિએ જોતાં એને હવે અગાઉ જેવું પ્રમાણપત્ર આપી શકાય એમ નથી. મહાનગરપાલિકાને સોંપાયા પછી એની હાલત સુધરવાને બદલે બદતર બની ગઈ છે. આપણે જેને વીઆઈપી સેકટર કહી બિરદાવતા રહીએ છીએ એવા સેકટર-૧૯ની હાલત જુઓ તો આ બાબત તરત જ સમજાઈ જશે. દસ-પંદર વરસ અગાઉ આ સેકટર ખરેખર નમૂનારૂપ ચોખ્ખાઈનું ઉદાહરણ પૂરું પાડતું હતું. હવે અહીં પણ કચરાના ઢગ છે, ગાર્બેજ કન્ટેનરમાં કૂતરાં નિરાંતે એંઠવાડ ખાતાં જોવા મળે છે. વચ્ચેના પગરસ્તા ગામડાના ધૂળિયા રસ્તાઓની સ્મૃતિ તાજી કરાવે છે. 'ગ' પ્રકારના બંગલાઓ પાછળ થઈ પસાર થતો પગરસ્તો બારેમાસ ગંદકીથી અને કચરાથી ગંધાતો હોય છે. શોપિંગ નજીકના કહેવાતા બગીચામાં લીલોતરી નામે નથી. એ કોઈ મધ્યયુગીન ગામડાના ભેંકાર વગડાની યાદ અપાવે છે. જો સેકટર-૧૯ની આ સ્થિતિ હોય તો વધારે વસ્તી ધરાવતાં સામાન્ય સેકટરોની કેવી દુર્દશા હશે તે કલ્પી શકાય છે. ગાયો અને રખડતાં કૂતરાંનો ત્રાસ તો અત્ર-તત્ર-સર્વત્ર જોવા મળે છે. સેકટર-૨૧ના ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટરમાં ગાંધીનગરના શ્રેષ્ઠીઓના શ્રેષ્ઠી-અડધી રાતે ઊંઘમાં પણ ગાંધીનગરના પ્રશ્નોની ચિંતા કરતા રહેતા શહેર વસાહત મહામંડળના મોભી શ્રી અરૂણભાઈ બૂચને ગૌ માતાએ ઠડફેટે લીધા. તેઓ પથારીવશ છે. એકવાર મુખ્યમંત્રીએ વેશ પલટો કરીને વિક્રમ રાજાની જેમ એમની આ ઉજ્જેણી નગરીની પ્રદક્ષિણા કરવા જેવી છે. વિકાસ થયો છે કે વિનાશ એનો જવાબ મળી જશે. માણસો માટે ફૂટપાથ બનાવી પણ એ તો હવે મજૂરોનાં શૌચાલયોની ગરજ સારે છે. દેવાલય કરતાં શૌચાલયને પ્રાથમિકતા મળવી જોઈએ, એવી ક્રાંતિકારી થિયરીના સૂત્રધારને માલૂમ થાય કે ગાંધીનગરમાં શૌચાલય તો ઠીક, મૂત્રાલય પણ શોધ્યાં જડતાં નથી. ચંડીગઢની અનુકૃતિ બનાવવામાં સ્થપતિ આ સૌથી મહત્ત્વની બાબત તો વીસરી જ ગયા છે. તેથી શરમના માર્યા લોકો ઝાડી ઝાંખરાની ઓથ લઈ ગાંધીનગરની ધરતી પર મૂત્રાભિષેક કરતા નજરે ચડે છે. કચરાના ઢગ, માનવમળની દુર્ગંધ અને વિકાસના નામે વૃક્ષોના નિકંદન વચ્ચે ગ્રીન અને કલીન ગાંધીનગર શોધ્યું જડતું નથી. મહાનગરપાલિકામાં વિરોધ પક્ષ સત્તા પર આવતાં એણે સીધી જ સરકાર સામે બાકરી બાંધી. સરકારમાં બેઠેલા સત્તાધારી પક્ષે સોગઠી મારીને મેયરને જ પક્ષપલટો કરાવી મહાનગરપાલિકા કબજે કરી લીધી. કોઈ રાજધાનીનું આવું નાક કાપીને અપમાન થયાનું સ્મરણ નથી કે જ્યાં એના પહેલા જ મેયરે પાટલી બદલી નાખી હોય. એ તો જાણે ઠીક, પરંતુ અત્યારે તો એમ જ લાગે છે કે આના કરતાં અગાઉની સ્થિતિ વધારે સારી હતી. સરકારને નાકલીટી તણાવી કોર્ટના આદેશથી મહાનગરપાલિકા મેળવવા માટેનો શ્રી પ્રેમશંકર ભટ્ટનો પુરુષાર્થ માથે પડ્યો હોય એવી લાગણી પ્રવર્તી રહી છે. પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે ગાંધીનગરને પુષ્પનગર બનાવવાનું સપનું જોયું હતું. ક્યાં છે એ ફૂલોની નગરી?

ગાંધીનગરના વકીલ મિત્રો દ્વારા શરુ કરવામાં આવેલી એડવોકેટસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ગઈ સાંજે સે-૧૨ બલરામ મંદિર ખાતે હોલમાં હાસ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. ખ્યાતનામ હાસ્ય કલાકાર જગદીશભાઈ ત્રિવેદીએ હાસ્ય રસ પીરસીને કાર્યક્રમમાં હાજર વકીલો તથા તેમના પરિવારજનોને હાસ્યથી લોથપોથ કરી મુકયા હતાં.

(તસવીર : દિપક જાની)

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કુલ ઈડરના બાળકોનો અનોખો અન્નદાન અને અન્નનો બગાડ અટકાવવાનો સેવાયજ્ઞ

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કુલ ઈડર ના બાળકોનું જવાબદાર નાગરિક તરીકે ઘડતર કરવા આયોજનબધ્ધ -યાસો કરી રહી છે. આ અંતર્ગત બાળકો અન્નનો સદઉપયોગ કરી તેનું દાન કરે, જરૂરિયાતમંદો સુધી પહોચાડે અને અન્નનો બગાડ અટકાવે તે માટે નાનકડો પણ સમાજને ખૂબ ઉપયોગી સેવા યજ્ઞ શાળાના બાળકોએ કર્યો હતો.

વૈશ્વિક ક્ષેત્રે ભૂખમરાની સામે યુનાઈટેડ નેશન(United Nations) દ્વારા એક મોટી ચળવળ ચાલે છે. જેમાં ભાગરૂપે સોળમી ઓક્ટોબરે વિશ્વમાં વર્લ્ડ ફૂડ ડે (World Food Day)ની ઉજવણી થાય છે.આ સ્કૂલમાં "Biritish Council"ના ISA અંતર્ગત 'Balanced Diet for Healthy World' -ોજેક્ટ ચાલી રહેલ છે.

આ -ોજેક્ટ અંતર્ગત બાળકો યુનાઈટેડ નેશનની ભૂખમરા માટેની ચળવળ સમજે તથા ગરીબ નાગરીકો માટે વિચાર કરે અને તે માટે પોતાનાથી બનતો -યત્ન કરે તે માટે ખાસ ફૂડ ડ્રાઈવ નું આયોજન થયેલ છે.

શાળા પરિવારના દરેક બાળક ઘરેથી ધાન-ઘઉં,ચોખા,દાળ,કાચી શાકભાજી લાવી શાળામાં તે ધાન્ય રવીન્દ્રભાઈ સુથારસર દ્વારા એકઠુ કરવામાં આવ્યું હતું . આ એકઠુ કરેલ અનાજ શાળામાં બાળકો અને શિક્ષક શ્રી શૈલેશભાઈની મદદથી અન્નપૂર્ણ સેવા ટ્રસ્ટ-રામરોટી ઘર ઈડર ખાતે પહોચાડવામાં આવ્યું હતું.

ધોરણ ૮,૯ ના બાળકો રામરોટી ઘરમાં ભોજન બનાવવામાં સામેલ થયા હતા. ભોજન બનાવી જરૂરિયાત મંદો સુધી ભોજન પહોચાડવાની-ક્રિયામાં પણ જોડાયા હતા. આ રીતે અન્નદાનની સાથે શ્રમદાન અને જરૂરિયાત મંદો સુધી પહોચાડવાની સામાજીક સમજ બાળકોએ -યોગિક રીતે મેળવી હતી.

આવા નાનકડા -યત્નો બાળકોને અન્નના સદઉપયોગ અને તેનો બગાડ ન કરવા માટે જીવન ઉપયોગી ખૂબ મોટી સમજ આપશે. આવા -યત્નો થકીજ ભૂખમરા સામેની યુનાઈટેડ નેશનની ચળવળ વિશ્વસ્તરે સફળ થશે.આ સમગ્ર -ોજેક્ટને સફળ બનાવવા શ્રી સૌનકભાઈ પટેલે સંનીષ્ઠ -યત્નો કર્યા હતા.

(તસવીર : જીતેન્દ્ર પટેલ, ઈડર)

હરિની દૃષ્ટિ...

લો આ વીસ રૂપિયા એક પાર્ટી કહે છે વિકાસ થયો છે બીજી ના પાડે છે...મને જલદી કહો સાચુ શું...??

યુવાનોનું ગાંધીનગરથી ગીર સુધીનું સાહસિક બાઈક રાઈડીંગ

રોમાંચક પ્રવાસમાં પર્યાવરણ જાગૃતિ, બર્ડ વોચીંગ અને સ્ટાર ગેઝીંગ જેવી પ્રવૃત્તિઓ પણ સામેલ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સાહસિક અને કંઈક કરી બતાવવાના જોશથી થનગનતા યુવાનોના એક ગ્રુપ દ્વારા રોયલ એન્ફીલ્ડ બુલેટ મોટરસાઈકલ પર સાસણગીર ના પ્રવાસનું આયોજન કરાયું હતું. આ સાહસપૂર્ણ બાઈક રાઈડીંગમાં પર્યાવરણ જાગૃતિ , પ્રાણી સુરક્ષા , બર્ડ વોચીંગ અને સ્ટાર ગેઝીંગ જેવી પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી હતી.

ગત તા. ૭મી નવેમ્બરથી ૯મી નવેમ્બર દરમયાન યોજાયેલ આ ટૂરમાં ઓશન્સ એડવેન્ચર ગ્રૂપના સભ્યો ઉપરાંત બીજા કેટલાક યુવાનો પણ જોડાયા હતા. સમગ્ર ટુર દરમિયાન યુવાનોએ

વિવિધ કેમ્પ સાઈટ પર ટેન્ટમાં રાત્રિ રોકાણ કર્યું હતું. ઓશન્સ એડવેન્ચર ગ્રુપ ચલાવતા ધર્મદિપસિંહ રાઓલે તેમની આ યાત્રાની માહિતી આપતા જણાવ્યું હતું કે ધારીથી સાસણગીર તરફ જતા કાચા રસ્તા પર તેમને અનેક વન્ય પ્રાણીઓ કુદરતી રીતે વિચરતા મળ્યા હતા . જેમાં હરણ, સસલા જેવા નાના પ્રાણીઓથી લઈને જંગલી ભેંસ જેવા મોટા પ્રાણીઓનો સમાવેશ થાય છે. આ રોમાંચક પ્રવાસમાં યુવાનો દ્વારા જંગલમાં કુદરતની જાળવણી અને પર્યાવરણ અંગે જાગૃતિ કેળવવા જેવી બાબતોનું જ્ઞાન મેળવ્યું હતું. તેમજ વન્ય પ્રાણીઓનું મહત્વ અને એનિમલ હેલ્પલાઈન અંગે પણ માહિતી મેળવી હતી. હિંસક પ્રાણી હુમલો કરે ત્યારે બચાવ કેવી રીતે કરવો જેવી બાબતો અંગે પણ માર્ગદર્શન મેળવ્યું હતું. આ ઉપરાંત તેમણે બર્ડ વોચીંગ અને રાત્રે સ્ટાર ગેઝીંગ જેવી પ્રવૃત્તિઓ પણ કરી હતી. આ રોમાંચક સફરમાં કુલ ૧૨ યુવાનો જોડાયા હતા. જેમાં મુખ્યત્વે ધર્મદિપસિંહ રાઓલ , કેવલ સોની, ધવલ પટેલ, અંકેશ શાહ, હાર્દિક ગોલ, ડો. જોસ્ટન, દિપેશ પટેલ, મનીષ વર્મા અને સચીન ઠક્કરનો સમાવેશ થાય છે. અગાઉ સપ્ટેમ્બર મહીનામાં જ લગભગ ૩૦ જેટલા યુવાનો માઉન્ટ આબુની એડવેન્ચર ટુર પર જઈ આવ્યા હતા. જ્યાં પણ તેમણે ટ્રેકીંગ, ફોરેસ્ટ વોક અને અન્ય સાહસિક પ્રવૃત્તિઓ પણ કરી હતી. આ યુવાનો હંમેશા સામાન્ય પ્રવાસીઓથી અલગ જ

જગ્યાએ તેમનો મુકામ કરવાનું પસંદ કરે છે !

આ પ્રકારની સાહસપૂર્ણ સફર માટે રોયલ એન્ફીલ્ડની બુલેટ એક દમદાર અને કમ્ફર્ટેબલ બાઈક રહેતી હોવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે અમે બધા આ બુલેટ લવર્સ છીએ અને આ ગાડી લઈને જ આવનારને આ ગ્રૂપમાં પ્રવેશ મળે છે જો કે સમગ્ર આયોજનમાં પ્રેરણા રૂપ નિયમ એ છે કે દરેક યુવાને વ્યસનથી અને તેમાં પણ ખાસ દારુ કે અન્ય નશાખોરીથી ફરજીયાત પણે દુર રહેવાનું હોય છે. આ નિયમ તોડનારને ગ્રૂપમાંથી છુટો કરી બીજી વખત તેનો સમાવેશ કરવામાં આવતો નથી. મોટા ભાગના યુવાનો ફેસબુક જેવી સોસ્યલ નેટવર્કીંગ સાઈટના માધ્યમ થકી એકત્ર થયા છે અને તે દ્વારા જ સમગ્ર કાર્યક્રમની જાહેરાત અને જાણકારી આપવામાં આવે છે આ ગ્રૂપની આ પાંચમી એડવેન્ચર ટૂર છે જેમાં અગાઉ માઉન્ટ આબુ અને તારંગા જેવા હિલ સ્ટેશનોનો સમાવેશ થાય છે. હવે આગામી ટૂર ૩જી જાન્યુઆરીએ રાજસ્થાનના જેસલમેર ખાતે જવાના પ્રવાસની જાહેરાત કરવામાં આવેલ છે. આ ટૂરમાં જોડાનારે પ્રવાસનો ભાગ પડતો ખર્ચ ભોગવવાનો હોય છે તેમજ રોયલ એન્ફીલ્ડ બાઈક અને તેના પેટ્રોલની વ્યવસ્થા સ્વ ખર્ચે કરવાની હોય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ ઓશન એડવેન્ચર ગ્રૂપ ચલાવતા ધર્મદિપસિંહ રાઓલ અને તેમના મિત્ર યુથ હોસ્ટેલના ચેરમેન ચૈતન્ય નિમાવત બંનેનો આજે જન્મદિવસ દર વર્ષની જેમ આગવી રીતે ઉજવ્યો હતો. જેમાં તેમણે સે-૩૦માં આવેલ ફોરેસ્ટ ઓફીસ ખાતે નેચર જાગૃતિ માટેની પ્રવૃત્તિ ઉપરાંત ગાંધીનગરના એઈડસ ગ્રસ્ત રોગીઓને ધાબળા વિતરણ કર્યું હતું. બંને યુવાનો ઉત્તરાયણ દરમિયાન પણ બર્ડ ઈન્જરી વખતે સેવાઓ આપી પ્રેરણરૂપ પ્રવૃત્તિઓ કરતા રહે છે.

(તસવીર : વિપુલ ચૌહાણ)

દરેક જિલ્લામાં એક રક્ષણ અધિકારી (પ્રોટેકશન ઓફિસર)ની નિમણૂંક કરવામાં આવેલ છે, આ રક્ષણ અધિકારી સમાજ સુરક્ષા અંતર્ગત કામગીરી બજાવે છે

રચના અને અજયના કેસની ચર્ચા કરી રહ્યા છીએ, રચના જેવી અનેક બહેનો રોજબરોજ સંપર્કમાં આવે છે. લગ્નેતર સંબંધો અને તેને કારણે ઉભી થતી લગ્ન વિષયક તકરાર એ પણ બહુ ચર્ચાસ્પદ મુદ્દો છે. રચના પોતાના બંને બાળકો અને પોતાની કુટુંબની આબરૂને લક્ષમાં લઈને પોલીસ ફરીયાદ કરવા માંગતી નથી. અજયને પણ મનમાં એમ થાય છે કે રચના શું કરી શકશે?

રચના મક્કમતાથી પોતાના ઘરમાં, પોતાના બંગલામાં બાળકો સાથે રહેવાનો નિર્ણય કરે છે. રચનાને પણ મનમાં શંકા છે કે પોતે ઘરમાં એકલી રહી સકશે કે કેમ? રચના ઘરે એકલી રહે અને અડધી રાત્રે અજય કે તેના કોઈ સાગરીતો મારફત કોઈ મુશ્કેલી ઉભી કરે તો? જો કોઈ અજાણ્યાને ખબર પડે કે એક યુવાન સ્ત્રી બંગલામાં એકલી રહે છે તો તે બાબતે પણ પ્રશ્નો ઉભા થાય. આવી બધી અનેક ગડમથલ વચ્ચે રચનાને એકલા રહેવા સંદર્ભે માનસીક સધિયારો મળે છે. આવો સધિયારો મળે છે. આવો સધિયારો આપવાનું કામ કાઉન્સીલીંગ સેન્ટર કરે છે.

પ્રથમ દિવસે તો અજય બંગલેથી પાછો જાય છે અને રચનાને ફોન કરીને વારંવાર ધમકી આપે છે, મોબાઈલ ઉપર ધમકીના સંદેશાઓ મોકલે છે. રચના મૂંઝાય છે. કાંઈક અઘટીત બનેશે તો? હવે રચનાને રક્ષણ મેળવવાનો સમય પાકી ગયો છે. રચના રક્ષણ અધિકારીને પોતાની અરજી રૂબરૂ આપે છે. રચના સ્પષ્ટ રીતે જણાવે છે કે તેણીને તેના પતિ તરફથી ઘરની ચાર દિવાલ વચ્ચે ત્રાસ છે. રચનાને થતો ત્રાસ એ દેખીતી રીતે જોઈ શકાય તેવો નથી. રચના ઘરમાં રહીને પોતાના રક્ષણની માંગણી કરે છે. અત્રે એ ઉલ્લેખ કરીએ કે દરેક જિલ્લામાં એક રક્ષણ અધિકારી (પ્રોટેકશન ઓફિસર)ની નિમણૂંક કરવામાં આવેલ છે. આ રક્ષણ અધિકારી સમાજ સુરક્ષા અંતર્ગત કામગીરી બજાવે છે. ગુજરાત રાજયના દરેક જિલ્લામાં સમાજ સુરક્ષા કચેરી અંતર્ગત રક્ષણ અધિકારીની સેવા ઉપલબ્ધ છે એટલું જ નહીં પરંતુ સ્વૈચ્છીક સંસ્થાઓને પણ 'સર્વીસ પ્રોવાઈડર' (સેવા આપનારનો દરજ્જો) કાયદેસર આપવામાં આવેલ છે જેથી રચના જેવી કોઈપણ બહેન સ્વૈચ્છીક સંસ્થાનો પણ આશ્રય લઈને રક્ષણ અધિકારી સુધી પહોંચી શકે છે. રચનાના કેસમાં આગળ વધતાં પહેલાં ચાલો આપણે 'સ્ત્રીઓને ઘરગથ્થું હિંસા સામે રક્ષણનો કાયદો, ૨૦૦૫' કાયદાની વિગતવાર માહિતી મેળવીએ.

કાયદાના આમુખની આપણે ગત અંકમાં ચર્ચા કરી હતી. આ કાયદાનું નામ જ સ્વયં સ્પષ્ટતા કરે છે. કોઈપણ સ્ત્રીને પોતાના ઘરમાં જ, ઘરની ચાર દિવાલ વચ્ચે સહન કરવો પડતો ત્રાસ અને એ સંદર્ભે કાયદાકીય રક્ષણની જોગવાઈએ આ કાયદાનો હેતુ છે. આ કાયદાની સંજ્ઞા, તેનો પ્રારંભ અને કાયદાની કલમોનો જો અભ્યાસ કરીએ તો કાયદાના સ્વરૂપમાં નીચે મુજબ છે.

(૧) ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને પ્રારંભ :

- આ કાયદાનું નામ 'સ્ત્રીઓના ઘરગથ્થું હિંસા સામે રક્ષણનો કાયદો, ૨૦૦૫' કહેવાશે.
- તે જમ્મુ અને કાશ્મીર રાજય સિવાય સમગ્ર ભારતને લાગુ પડે છે.
- આ કાયદો કેન્દ્ર સરકાર તેના કાયદેસરના ગેઝેટમાં જાહેરનામુ બહાર પાડે તે તારીખથી અમલમાં આવશે.

કલમનું વિવરણ : કલમ-૧ (૧) :-

આ કાયદાનું નામ સ્વયં સ્પષ્ટ છે અને કાયદો લાવવા પાછળનો હેતુ મહદ અંશે સ્પષ્ટ થાય છે કારણ કે કોઈપણ

મહિલા સમાજ અને કાયદો : અંક-૧૮
ડો. ભાવના કે. જોશીપુરા

કાયદો ઘડવા પાછળનો હેતુ તેમજ ઉદ્દેશ્ય સ્પષ્ટ કરવો જરૂરી હોય છે, પરંતુ તેનું કાર્યક્ષેત્ર એ નિશ્ચિત તેમજ ચોક્કસ સંજોગોને આધીન છે.

મૂળભુત રીતે આ કાયદાનો હેતુ ઘરગથ્થું કે કૌટુંબિક હિંસાથી ત્રસ્ત મહિલાઓને કેન્દ્રમાં રાખીને ઘડવામાં આવેલ છે અને આ સ્થિતિની અંદર આપણી ફોજદારી ન્યાય વ્યવસ્થા તેમજ આ સિવાયના કારણોસર વ્યક્તિને કે ચોક્કસ રીતે જોઈએ તો સ્ત્રીને થતી ઈજાઓનો પરિપ્રેક્ષ્ય અત્રે બાકાત રાખવામાં આવેલ છે એટલે કે સ્પષ્ટ રીતે સ્ત્રી ઉપર આચરવામાં આવતી ઘરેલું કે ઘરગથ્થું હિંસાના સંદર્ભમાં જ આ કાયદો અમલમાં લાવવામાં આવેલ છે.

આ કાયદો એ કુટુંબના પુરુષ સભ્યો દ્વારા સ્ત્રીને તેના જીવન જીવવાના અધિકારથી વંચિત કરવામાં આવેલ છે તેના રક્ષણ માટેનો છે. આ કારણોસર આ કાયદાનું નામ આવશ્યકતાને લક્ષમાં રહીને વર્ણનાત્મક છે.

કલમ-૧ (૨) :-

આ કાયદો એ જમ્મુ-કાશ્મીર સિવાય સમગ્ર ભારતમાં લાગુ પડે છે. અહીં બે પ્રશ્નો ઉદ્‌ભવે કે શા માટે સંસદ કાયદો ઘડતી વખતે જમ્મુ-કાશ્મીર સિવાય સમગ્ર ભારતમાં લાગુ પડશે તેવું ઠરાવે છે. તેના માટે ઐતિહાસીક સંજોગો જોતા ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા એકટમાં દર્શાવેલ જોગવાઈઓને આધીન ભારતમાં સંમીલીત થયેલ. શરૂઆતમાં જમ્મુ-કાશ્મીરએ માત્ર અમુક નિશ્ચિત વિષયોનાં સંદર્ભમાં ભારતને આધીન હતું પરંતુ પાછળથી થોડા સુધારાઓ અસ્તિત્વમાં આવતાં સંસદે એવું ઠરાવેલ કે સંસદે બનાવેલ કાયદો કાં તો જમ્મુ-કાશ્મીરની રાજય સરકાર સ્વીકારે અથવા એ વિષય સંદર્ભે પોતાનો કાયદો બનાવે.

બીજો પ્રશ્ન એ ઉદ્‌ભવે કે શું જમ્મુ-કાશ્મીરએ ભારતનો ભાગ નથી? જમ્મુ-કાશ્મીરના પોતાના બંધારણમાં એવું સ્વીકારેલ છે કે તે ભારતનો ભાગ છે અને ભારત સાથે સંમીલીત છે. તેથી બંધારણમાં જમ્મુ-કાશ્મીરને જે દરજ્જો આપવામાં આવેલ છે તે જોતા બંધારણીય જરૂરીયાતોના હેતુઓને જોતા એમ કહી શકાય કે જમ્મુ-કાશ્મીર રાજયએ પ્રાદેશીક દૃષ્ટિ તેમજ રાજકીય દૃષ્ટિએ પણ ભારતની પ્રાદેશિક સીમાઓની બહાર નથી.

ભારત બંધારણમાં કે જમ્મુ-કાશ્મીરના બંધારણમાં સંસદને જમ્મુ-કાશ્મીર રાજયને લાગુ પડે તેવો કાયદો ઘડવાની સત્તા આપવામાં આવેલ નથી, પરંતુ સંરક્ષણ, આંત્રિક સલામતી તેમજ નાણા તથા વિદેશી બાબતો સંદર્ભમાં સંસદે ઘડેલા કાયદાઓ જમ્મુ-કાશ્મીરમાં પણ લાગુ પડે છે.

ઘરગથ્થું હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ આપતો આ કાયદો એ સામાન્ય કાયદો છે. ભારતની પ્રાદેશીક સીમાઓમાં વસવાટ કરતા ભારતીય નાગરિકો કે જે કોઈપણ ધર્મ, સંસ્કૃતિના હોય તેને આ કાયદો લાગુ પડે છે. આ કાયદો એ વિદેશમાં ગયેલા ભારતીય નાગરિકોને પણ લાગુ પડે છે. કોઈપણ સ્ત્રીએ વિદેશમાં તેના પતિ દ્વારા કરવામાં આવેલ દુર વ્યવહાર સંબંધે આ કાયદા અંતર્ગત મેજીસ્ટ્રેટ સમક્ષ ફરીયાદ કરી શકે છે અને મેજીસ્ટ્રેટ દ્વારા કરવામાં આવેલ હુકમ એ વિદેશમાં રહેતા વ્યક્તિ સામે ઓર્ડરની જે રીતે બજવણી થાય તે રીતે જ બજવણીને પાત્ર છે.

આ કાયદાની તમામ કલમો તમામ સ્ત્રીઓએ વાંચવી અને જાણમાં રાખવી તે ખૂબ જરૂરી છે. કેટલીકવાર માત્ર જાણકારી જ વ્યક્તિને મદદરૂપ થતી હોય છે. આ કાયદાના અસરકારક અમલ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ અને સમાજ સુરક્ષા વિભાગને સાથે સાંકળવામાં આવેલ છે. આ કાયદાની કલમ-૧(૩)માં તેની વિશેષ સ્પષ્ટતા કરવામાં આવેલ છે. આ કોલમ વાંચનાર સ્ત્રી વર્ગ અથવા તો વ્યથામાં મુકાયેલો કોઈપણ વર્ગ કાયદાનો હેતુ અને કાયદાનું મૂળભુત સ્વરૂપ સમજે તે જરૂરી છે. આ કાયદાના ઉપયોગ અને અમલથી અનેક કુટુંબો બચાવી શકાયા છે. લગ્ન વિષયક તકરારનું પણ નિરાકરણ રક્ષણ અધિકારી, સ્વૈચ્છીક સંસ્થા અને અદાલતના સહીયારા પ્રયત્નોથી થઈ સકેલ છે. રચનાના કેસમાં પણ એમ જ બન્યું.

રચનાની ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અંતર્ગતની ફોજદારી અરજી અને આ કાયદાના કલમોની વિશેષ ચર્ચા સાથે મળીએ આવતે અંકે...